પેપો પેળાજ અમરીક રોઇદાસા ગરૂડ ગોરખ સુખદેવ ઉદાસા જેને પીધા તેને પુરણુ છાંયા આપો આપ ગુરૂ મેરા આપ દેખાયા, (૪)

મૂળ વચન મર્મ લીયા ઉઠાઇ, પ્રેમ પીયાલા ભરી ભરી પાઈ મહા મર જેવા સંત સામા પુર ચાલ્યા, સુખ સમુદરમાં આ પો આપ માલા. (૬)

સુગા સાકર જેને ગળી છે ગળામાં, મગન ભયા એતો અપા અનંદમ: (૭)

પુરા ગરૂ મળા તાણે સમજ સમાંની નીરાકાર નરખા ગુરૂ ગાંની (૮)
સાંમી બેચરની સીતળ છાંયા. કુરણાદાસ કે અનંદ ઉરમાં આયા

સાખી ૨૬૯

ખોલ કપાટ પ્રેમનાં, નીરગુણ નુર અપાર;
સમરણ સુદ વીચારમાં, પાયા નુર નીરધાર;

રવેણી પદ ૨૬૫

રૂડી રવેણી મારા ગુરૂજીની ગાઉ, પહેલે પાવડીએ પ્રેમ લગાઉ
ભણે ભોમંકા એક ભેદ બતાયા, પહેલી ભોમકા જેને પ્રેમ જાગાયા
સેજે સેજે સતગરૂ સમરણ માહી. બીજે પાવડીએ પ્રીત લગાહી
કર્મ કાંડ ક્રીયા એક સેજમાં મેળાયા, તીજે પાવડીએ તંત જગાયા. (૪)
ચોથે પાવડી એક સંતકી છાંયા, બાહર ભીતર ગુરૂ ગાંન મેલાયા. (૫)
પાંચમા પાવડીએ ઉન મુંની માંહી, મુગા સાકર મર્મ અનંદ હોહી. (૬)
છઠા પાવડીએ પદાર્થ નહી આપોઆપ ગુરૂ મળા આપ ગોત્રાંહી
સાતમા પાવડીએ સતગુરૂ દેખા, તુરીયા તીત અનંદ અલેખા;
સાત ભોમંકા સાક્ષી અલોકી અનુભવી હુવા સુદ વવેકી. (૯)
સાંમી બેચર દેખા બ્રહ્મ ચોફેરા, કુરણાદાસ કે ગુરૂ સબથી ન્યારા

શાખી ૨૭૦

સપત ભોમી એક સાંનછે. આતમ ભયા અનુપ;
સર્વતરમાં છાહી રહા, અગમ અગોચર અરૂપ;

રવેણી પદ ૨૬૬

નમુ નમુ ગુરૂ ચરણોંની માંહી, કર જોડી કહું હો ગુરૂ સાંહી;
અગનીના સંગ લોહ તપાયા, સત ગુરૂ મળા મારાં અજ્ઞાન ઉડાયાં;
ચંદનકી છાંયા સીતળ વર્તાયા, વીખ વચન મારા ગુરૂએ કાટયાં;
સમુદર એક લહેરી વર્તાણી, ભાસ ભ્રાન્તી ખલકમાં ખેલાંણી;
પ્રથમી એક ઘટ અપારા, સત ગુરૂ દેખા નીરમળ નારા;
સેજે સેજે સતગુરૂ એક મીલાહી. પુરા ગુરૂ મળા ત્યારે પાર-
પોચાહી, (૬)
આદુના વચન લીયા ઉઠાહી, ભુલ ભ્રાન્તી જેની દુર કટાહીં;
રણુકારમાં રમી રહા છાંહી, પંડ બ્રહ્મમાં છાંના નાહી;
સાંમી ખેચર મળા મને, અરૂપ અખંડા;
કુરણાદાસ ખેલ, આપો આપ અનંદા;

શાખી ૨૭૧

અષ્ટ સીધી અગમની, હરદ ઉરદ એક તાર;
ગગન વેધીને ચાલીયા, ઉતરા આરંપાર;

રવેણી પદ ૨૬૭

સત ગુરૂ પુરા મળા જ્ઞાન બતાહી પ્રેમ પીયાલા ભરીભરી પાહીં;

પારસ મણી ગુરૂ પલમાં દેખાડી, અખંડ આતમ બ્રહ્મ દરસાહીં;
રૂડી રવેણી રૂડા રતન પદ ર્થ, આપ લાગા જેને અગમ લક્ષાર્થ;
અરૂપ અપાર ગુરૂ આપ દરસાંણા, નીરાંકારમાં જેનાં નુર વર્તાણા;
જુનીકળા જેને જાહેર જાણી, મુળ વચન દેખી બ્રહ્મ નિસાની;
અરસ પરસ ગુરૂ દીસે નીરાળા, સુખના સમુદર અનુભવ છોળા;
સેજે સેજે સાંન સુરત મેલાયા, આપો આપ એક બ્રહ્મ દરસાયા
ઘટો ઘટ રમી રહ્યા આપ ગોસાંહી, જુતી કળા જેના ઉરમાં દેખાડી. (૮)

ઉલટી સલીતા સંધુમાં સમાંણી, પાંચ પચીસ પલમાં પલટાંણી. (૯)

જીવ ચરાચર સતગરૂ મેરા, સાંમી બેચર દેખા બ્રંહ્મ ચોફેરા;
કુરણાદાસ ચરણે ચીત લગાયા, પુરા વચન પ્રમીજન પાયા. ૧૦

સાખી ૨૭૨

સુન મંડળથી ધારા છુટી, અખ મંડળકી માંય;
બંક નાળીમાં અમીઝર, પુરા પ્રમી જન પાંય;

રવેણી પદ ૨૬૮

જોગ કળા ગતી જોગ ઉચારા, અસ્ટ સીધી ચલી અગમકી ધારા;
મુળ કમળથી ઓહુંગ ઉઠાયા, હરદમ હાલા નુર નેસ મેલાયા
સેજે સેજે સુરતા ગગન ગઢ ઘેરા, અગમ અગોચર ગુરૂ દરશ" આદેસા. (૩)

અગમ દસામાં ભયા બ્રહ્મ ભેળા, કોટીક ભાંણ હુવા અજવાળા; બંક નાળમાંથી અમીરસ છુટા, પ્રેમ રસ પાધા જેને અનભ પ્રગટા. [૫)

સુખર ચડીને જેને અનંદ મેળાયા, સાંમી ખેચર ગટોગટ દરસાયા અનુભવ દસા કુરણાદાસ પાયા, આપો આપ નુરીજન નીરંતર દેખાયા, (૭)

સાખી ૨૭૩

અનંદ ઉલટયો ઉરમાં; ધીરપ ધાંન લગાય,
પરગટ પારસ ગુરૂ મળા, કુરણાદાસ ગુણ ગાય;

રવેણી પદ ૨૬૯

ફેરગર કરૂ તો ગુરૂ માંનો કીરતારા, ચરણાંકી દાસી હો નીરધારા. (૧)

ગુરૂ મળા મને આતમ બ્રહ્મ ગાંની, સીતળ સાંન્તી મારા ઉ. રમાં જાંની. (૨)

અસે પદ દાંન આપ્યો સતગરૂ દાતા, સમતાના છાંયામાં જ- ઇને સમાતા, (૩)

અગમ અગોચર દેખી બ્રહ્મકી વાચા, અનંદ ઉલટા અરૂપ રંગ સાચા, (૪)

સંધુંની છાંયા મળા મેરા સાંહી, બાહર ભીતર છાંના નહી આપો આપ ગુરૂ મને સેજ બતાહી; પટ તંતુમાં ગુરૂ ખા લી રહા નહી. (૬)

સાંમી બેચર સર્વંતર સાહી,પંડ બ્રહ્મંડમાં રહારે સમાહી;(૭)
કૃરણુદાસકે ગુરૂ કીરપા કીધી, અમુલખ વસ્તુ ગુરૂજીએ દીધી(૮)

શાખી ૨૭૪

નીધી નીત જ્ઞાંનકી, ખુટ નહી દીન રાત;
આઠુ પહોર જેને વાપરો, ખાલી નહી નીજ જાત;

રવેણી પદ ૨૭૦

ગુરૂ મળા આદ પુરસ સાંહી, બાહર ભીતરમાં છાંના નાંહી;(૧)
તુરી જન નીરાકાર દીસા નારા, ઉપના બ્રહ્મા વીષ્નુ શંકરાચારા(૨)
ધરણ અંકાસ જેને જંમા જગા, અદગર મેરૂગર જેને (૩)
થંભ ઠરાયા,
મુળ વચનમાંથી ઉગી એક માયા, કરીયા કરતા નાંમ ધરાયા;
ચઉદ લોકની આદ હોહીમાતા,થતી ઉત્પતીથી થાવર જંગમ થાતા
મુળ વની માયા તેને મંડાણ રચાયું, ઉગા અકુર જેને (૬)
રૂપ કહાયુ
માયા બ્રહ્મથી જોગ મેલાયો. પંડ બ્રહ્મ એક આદ થંભાયો ૭
સાંમી બેચર સર્વતર રહા વાપી, પંડ બ્રહ્મંડ જુગતી થાપી; (૮)
સાંમી બેચર સર્વતર રહા વાપી, પંડ બ્રહ્મંડ જુગતી થાપી; (૮)
કહે કુરણુદાસ ગુરૂ વીનતી મોરી, આઠુ પહોર જેને લગી દોરી;

સાખી ૨૭૫

હસ્ત જોડી કરૂ વીનતી, આદો અલેપદ દાંન;
મુરણ બેચર પ્રગટ મળા, મટાં માન ગુમાન;

રવેણી પદ ૨૭૧

સુળ મંડાણ સબદ ધુન લાગી,સુરતી સખ ગઢ ચાલી રહી આઘી
તરકુટી કમળમાં તંત મેળાયા, હરદ ઉરદ બીચે સબદ રણુકાયા;
સુન વેધીને સખરગઢ ઘેરા, અગમ અગોચર દીયા જેને ડેરા;(૩)
ઈંગલા પીંગલા સંધુમા મેલાહી, સુખમણ ઘરમાં સેજ બીસાહી;
ફુટા ગગન કોટક ભયા ભાંગ્યા. અરસ પરસ આપે જણાંણા(૫)
સલીતા સંધુમાં ઉલટ મેલાણી, ગુરૂ ચરણમાં સુરતા હોમાણી;
લુહા અગની કરા પેસારા, કાટ આવરણકા કરા નીસતારા;
ભસા બ્રહ્મકાર ખણુ નહી ખાલી. ઉલટી લહેરી સંધુમાં ડાલી;
એકા મેક ગુરૂ મેરા આપ દરસાયા, છચરાચર સર્વંતર છાંયા;
સામીબેચર મળા આપોઆપ સોહી, પટતંતુમાં છાંના કછુ નાહી;
કેહે કુરણદાસ ગુરૂ રહ્યાછે ચોધારા, છે સર્વંતર આપોઆપ ન્યારા;

શાખી ૨૭૬

જરરામાંથી જાળવો, બળતાં રાખ્યાં બાળ;
સાંમી બેચર સનમુખ રહા, મટી આળ જંજાળ;

રવેણી પદ ૨૭૨

સંત મેરા સીરધણી મેં સંતનકી દાસી ગુરૂના વચનથી નહીરૂપાસી
અભેપદ દાંન આલો મોરે સાંઈ,અમુલખ વચન મેરાઉરમા દેખાહી
ગુરૂ બોલે સીળી અમરત વાણી, તેરી સુરતા સમુદરમાં સમાણી;
અગમ અગોચર ગંગા છુટી, ગુરૂના વચનનો મળી જેને બુટી;

અમુલખ હીરે મેરા ગુરૂજીએ આલા, સુખસવાંતમાં મેજાહી માલા;
પુરણ વચન તુરીયા અતીત છાંયા, સાંમીબેચર આપોઆપદરસાયા;
કર જોડીને કુરણાદાસ ગુણગાયા, આઠુ પહોર ઉરમાંઅનંદમેળાયા;

શાખી ૨૭૭

મીરાંબાઇના ઝેરમાં, અનંદ અમરત થાય;
ઝેર ઉતારાં ઝરણા કરી, પીધા પ્રીત લગાય;

રવેણી પદ ૨૭૩

ભજનથકી જેની ભાવઠ ભાગી, અગમ અગોચર જેની સુરતા લાગી;
સુરતાએ કીધાં જેને અગમ પેસારા, આઠુ પહોર ગુરૂદેખા ચોધારા
હદ છોડીને કોઇ બેહદ ચલાયા, અક્ષરાઅતીત જેને બ્રહ્મ કહાયા;
મગન ભયા કોઈ આપે મસતાના, સીતળ સધુમાં જેને;
કર્યા અસનાંના (૪)
બાવન અક્ષર બારા ગુરૂ બોલે, કહે કુરણાદાસ બ્રહ્મ એકરતોલ;

સાખી ૨૭૮

પેપો પેલાદ પ્રેમ રસ ચાખીયા, રધુને રોહીદાસ;
કુરણાદાસ સીતળ થયા, પારસ ગુરૂકે પાસ;

રવેણી પદ ૨૭૪

ગુરૂમળા ગાની મુની આપ દયાલી, સેજે મારી સુરતા સનમુખચાલી;
ઇગલા પીંગલાકા દોર મેલાયા, સુખમણા સનમુખ સેજ બીસાયા;
અમર કમળમાં ગ્રઝ ઝુકાયાં, ગુરૂના વચનમાં આપ સમાયા;

સોહંગ સબદકી ઓહીધુન લાગી, એકવીસહજાર છછ ઉડઉડજાગી
અંક્રાસકા બુદ અધર મુખ લાયા, અગમઅગોચર અનંદ જગાયા;
જરણા કરીને જેને અમીરસ લીધા,ગુરૂના વચનમાં કેઈક સંતસીધા
સાચા ગુરૂમળા મને ગાંનીસુની દાતા,આઠુ પહોરમે હરી ગુણગાતા;
હરદ ઉરદ બીચે ઉધ્વમખ ધુની, સાંમી બેચરની જગા દેખી સુની;
આપ દેખા એક અનુભવી નારા, કુરણાદાસકે તેના વચન અપારા;

સાખી ૨૭૯

પ્રેમ અમીરસ ચાખીયા, ઉલટા અનંદ અપાર;
સાંમી બેચર છાહી રહા, વર્તા નીરાકાર;

રવેણી પદ ૨૭૫

દાવા છોડીને કોઇ દલમાથી જાગા, કામ કરોધ દુર જેના ભાગા;
સધીરા સીતળ થહી અમીરસ પીધા, સુખ સાગરમાં માર
હરીજંન સીધા
અગમ અગોચર અગમ ધુન લાગી. અરૂપી દેખા જેને આપસવાગી
અરૂપ ધુંનમાં આસણ કીધાં, આઠુ પહોર જેને સમરણ લીધાં;
સુગા મર્મ મેળાયા જેને ગુરૂ ગમ પાહી, સેજે મેરા ગુરૂ
મળા આપે ગોંસાંહી;
ચરાચરમાં ગુરૂ રહા નીરગુણ નારા. સાંમી બેચર આદઅપારા;
કહે કુરણાદાસ બ્રહ્મ કાર પુરા, આપો આપ ઝરી રહા નુરા;

સાખી ૨૮૦

સંધુ સીતળ શાન્તી નુર ઝર અપાર, પારસમણી ગુરૂ મળાઈ
કહે કુરણાદાસ, નરખ્યા નીજ દેદાર;

રવેણી પદ ૨૭૬

અગમ અગોચર સબદા છુટા, હતા સર્વંતર સરવણે ત્રુઠા; (૧)
નાભી નેસાને જામા જગાયા, સાસ ઉસાસે ઓહુંગ ઉઠાયા;
હરદા કમળમાં ધાટ મેળાયા, કંઠ કમળમાં વીવેક વરતાયા;
વીખરીમાવચન દેખાનીજગુરૂ નારા, ઓહંગઉલટા સોહંગઅપારા;
પટતતુમાં પુરણ સર્વંતર છાયા, ગુરૂ મળ્યા જેને જુગ જગાયા;
સાંમીબેચર આપોઆપ દેખાયા, કહે કુરણાદાસ મુગે સાકર ખાયા;
મર્મ ગુરૂગમ અગમથીલાયા, અનંદ ઉલટા ઉરમાં મીલાયા;(૭)

સાખી ૨૮૧

મહા મસ્તાના હોઇ રહા, સત શબ્દ લીયા ઉર;
પડ બ્રહ્મંડ વેધીયા, થઇ રહા ચકચુર;

રવેણી પદ ૨૭૭

ભલી હોજો મેરે ગુરૂ મળા સાંહી, શબ્દ સુનાયો બાહુરભીતર માંહે
દાવા છોડી મેતો દરસન પાયા. અકળ કળા જેને આપે દેખાયા;
જીન અજીત જોગી મળા મોહી, આઠુ પહોરમેં વેનતીકુ રોહી
સંત સીંધુ મેરે સમરત છાંહી, પારસ લુહા કંચન થાહી.
ચંદનકી ખાસે આક ચંદન બાહી, ઉલટી સલીતા સંધુમાં સાહી

નહી નામ મીટીયાં નીરગુણુ હોઇ, એકામેક જેને આપ મીલાહી
ગુણ નીરમાં મળુ કહુ નહી કાંહીં, એસારે ગુરૂ મને મળાછે ગોસાંહી
અગમ સમજ મેરા ગુરૂજીએ આપી, કહે કુરણાદાસ ગુરૂ
રહા છે અમાપી. (૮)

સાખી ૨૮૨

સેજ સમજમાં સમાઇ ગયા, નહી માયા કે મુળ;
અરસ પરસ હોઇ રહા, નહી કાયા કે કુળ;

રવેણી પદ ૨૭૮

નીરગુણ નીરાકાર નરખા નારા, ઉપના અરાકાર બીજ અપારા;
મુકતીકા કહુ મે એક વીસતારા, ઇંડ એક અગમ કરા પેસારા,
બ્રહ્માથી ભયા આદ ઉગારા, સષ્ટીકા કરા જેને આપ જમારા;
અરાકાર આપ નુરીજન દેખા, થતી ઉતપંતી પલ્લ પેખા ૪
મુકતી ઇંડ બીંબાં બોતેરાં, પાંચ પચીસ કરા પેસારા. (૫)
મુલ બીજ માયા ઉપાહી, બ્રહ્મામાં સેષ્ટી આપ રચાહી (૬)
મુક્તા તુત્તા પરકરતી હોઇ, પંડ બ્રહ્મંડ રચાયા મોહી (૭)
એચર સાંમી બ્રહ્મકાર રહા ભેળા, કહે કુરણાદાસ માયાબ્રહ્મસુમેળા

શાખી ૨૮૩

મુળ રહા માપમાં, અમાપ રૂપકી છાંય;
કહા દેખામાં આવે નહી ભીતર કહુ કે માંય;

રવેણી પદ ૨૭૯

રણુકાર કીયા આપ પેસારા, સરવંતર દેખા તીનાસબ વીસ્તારા ૧
સબ્દ સરૂપી સોહંગ કાઠાંમાં, ગટાગટ વાપી રહા દુરી જન ધામ
કુંભ ચક્કર બીંબ બનાયા, પ્રથવી સરૂપમાં ઘાટ મીલાયા ૩
કરીયા સગતી જોગ મીલાયા. કુદરત બાજી જુગ જમાયા. ૪
અરણી અરૂપથી થયાતા તમાસા, અગ્ની દેખી રૂપ પરકાસા
પવન પ્રગટ ભયા થઇરા ભુનેળા છુટ ગયા પવન ભયાબ્રહ્મસુ ભેળા;
ઓમ અરૂપી આભુસણ હોઈ, વષ્ટીમાંથી શ્રસ્ટી જમાહી ૭
ખેચર સાંમી સંધળ છાયા, કુરણાદાસ કે બ્રહ્મમાં બ્રહ્મ મીલા જાયા. (૮)

સાખી ૨૮૪

અંતર ભળા બ્રહ્મ હે, દુતીયા દુર ઉઠાઇ;
બાહર ભીત્ર મીલો રહા, મુળ મર્મ માંહી.

રવેણી પદ ૨૮૦

અગમ ચડીને કોઇ સમજ મીલાયા,અરસ પરસ દેખીસીતળ છાંયા
ગુરૂ મળા મને જ્ઞાંની મુની દાતા, રણુકારમાં રમી રહા અલમસ્તા
સમતાકી મછીયાં સીતળ હોઇ, અનંદ ઉરમાં લીયો મેલાઇ ૩
પ્રેમ પ્રીત કરી પીત્રન લાગી, ગુરૂગમ જોત ભીતરથી જાગી ૪
કોટક રવી નીરગુનુ વરતાંણુા, અરસ પરસ આતમા જણુાંણુા ૬
પંડ બ્રહ્મંડે ગુરૂ દરસાંણુા, આપો આપ નુરીજન જોગી જાણુા.

મુલા તુલા નહી મોહ મન માયા, સંગળ સુતરમાં આપ સમાયા
સોહી ગુરૂ બેચર સ્વામી નીરગુણુ નારા, કુરણાદાસ કે વાપી
રહા પરગટ પુરા (૮)

સાખી ૨૮૫

સુરજ સંગળ ઉગીયા, અચરીત ભયો પરભાત.
તીમર તરત તરાસીયા, સીતળ સુખ સવાંત.

રવેણી પદ ૨૮૧

અગમ અગોચર સબ્દા છુટા, સરવણે સોરંગ અવાજ ઘુંટા ૧
ગુરૂગમ આહી મુજે સાંન મીલાહી, પુરણુ વચન પ્રગટ પાહી
નીસાં કરીને જેને નેસ ઠરાહી. વદેહી શબ્દકા થંભા લગાહી;
હરદા કમળમાં થયા ટપોરા, વવેક વચનકા કર્થા વીચારા;
વીખરીમાં સમજ સીનગ હોઇ, મુળ વચન ચરાચર મોહી;
પરા પાર રહા રોમ રણુકારા, ગુરૂ મીલી રહા સુખ ચોફેરા;
અકળ અરૂપી આપ અરૂપ, સંધજે સુતરમાં બ્રહ્મ સરૂપ; (૭)
કુરણાદાસકે સર્તંતર ભાળા, પટ તંતુમાં રૂપ રેણા; (૮)

સાખી ૨૮૬

મોર મુગટ શીર ધર્યા, દીપા નીજ દેદાર;
આવરણુ તુર ઉડ ગયાં, ઉગા આરંપાર;

રવેણી પદ ૨૮૨

સમજ બુદ્ધી હોઇ ગુરૂ ગમ મોહી, વેદ ચાર સાત્ર પુરાણુ
અઢાર ખટ સોહી; (૧)

ખુદ્દખીકે મે અગમ કરૂ પેસારા, ધુન લગાવું મેરે ગુરૂ ગમ નારા;
જોગી મળેતો મેં જોગ લગાવું, અધર તખતપર ધુણી ધીખાવું;
ગાંની મળેતો ગાંન થપાવુ, સુરા મળેતો રણવટ જાઉં; (૪)
ચૌદ લોકના મેં રાજ કરાવું, અરૂપ તમાસા અદલ જોઈ આવુ
થાવર જંગમાં થાંણાં થપાવુ, પાંચ પચીસકા ભેદ બતાવું;
ત્રીસ મલીને જાગ્રત કહાવુ, સપન સસો પતી અધર ઉડાવું ૭
સાંમી ભેચર તુરીયા કહાવું, કહે કુરણદાસ એક મેક મેલાવુ;

શાખી ૨૮૭

વીધ વીધ વ્રતા લહેરમાં, સીતળ સંધુ સાંહી;
ગુરૂ ગમ લગા અનંદમાં, બાહર ભીતર માંય;

રવેણી પદ ૨૮૩

સુલા તુલાકી મુમતા હોઈ, અચરોત કાળ અધર લેઈ જાહી;
કરોડપતી મન દુનીયાંમાં દાયો, કર્મ કાંડ કીયા દુખમાંદઆયો
નહી આવે હાથ તુતો વંજાનો જાયો. રાજ કુળના હુકમ લેઈ
આ૦યો. (૫)
નહી ફરે કાંહી હુકમ દવાહી, વંજાકા પુત્ર કછુ નહી હોઈ ૬
સાંમી ભેચર મળા મન મીટાયા, કરાર કુરાંનપર રંગ લગાયા
ઉંચ નીચમાં આપ સમાયા, કુરણાદાસ કે બ્રહ્મમાં બ્રહ્મ મીલજાયા

સાખી ૨૮૮

મીલ રહા માપ અમાપ, સંગળે સુતર છાંય;

અરૂપ અખંડી આતમા, બાહર ભીતર માંય.

રવેણી પદ ૨૮૪

ચીત ચાતુરી ચકર જેસા ફરે, લોભની લહેરમાં સીચાંણો મારે
દાવા કરીને ડોલ દીવાંનુ, પચીસ પરકરતીમાં ચીત લપટાંણુ
જીવ પણામાં જેને જોર જણાયું, સપન ઉતપંતી મુળ મીલાયુ
સીપી રૂપા જીવ લપટાયા, ચીત ચાળામાં જુગ ભરમાયા. ૪
બીન બીન મરગ મુમતાકી રોહી. થાકી થાકી રણુમાં જુકાહી; ૫
ચીત ચાળા કરતુ જાહી, મોહ મરગો જંગલમાં મરાહી (૭)
કુડ કરતવ મુમતાથી બાંધ્યા, કાળ ચપેટીમાં અચરોત લીધા
સાંમી બેચર ભુલ મીટાહી, કુરણુદાસ કે સીતળ થાહી (૮)

સાખી ૨૮૯

ચીત ચીતારૂ ચોયદુ, અચરોત લાગી લાય;
મોહ જાળમાં ખસી પડુ, કાળ ઝપાટે ખાય.

રવેણી પદ ૨૮૫

અહંકાર ધરી તીએ ધુંળ ઉડાડી, પવનકા સરૂપ ભુતેળા થાહી
અચરોત સીંચાણો ચોટ લગાવે, પંડે તેતર ઝપટમાં ઝુકાવે.
મન મરકુટ થઇને થેપ લગાવે, ચાહ લોકકી ફાળ ભરાવે; ૧
ધનનાકા ધુળ ઉચાડી, કોડી કોડી કરી માય મગાહી;
ગાગડી ભેરંગ લીયા કંડમાંહી, બંબીલ છોડકર આયા બંધમાંહી;
ઉલટા અહંકાર ચાહ લોકઘેરાહી, રાંણા રાવણુજેવા રણુમાં રોળાઇ;

ધરી કરોધ પેળાજકુ ધાચો, કપટ હરણાકંસ કુડ કુટાયો; (૫)
થર થર કંપા થયા તમાસા, મારોઅસુર ભયા પરકાસા; (૬)
ગુરૂ મળા જેને મોહ મીટાયા, સત સમાગમમાં સીતળ પાયા;
સાંમી એચર મળા મુળ બતાયા, કુરણુદાસકે અનુભવી આયા;

સાખી ૨૯૦

મન ખુધી ચીત માંડવો રેપો મુમ ત માંય;
ગુરૂ મળા વચન પારખુ, આવરણુ દીયાં ઉડાય:

રવેણી પદ ૨૮૬

નીરાકાર ગુરૂ મળા નરભે નારા, વાપી રહા રણુકાર અપારા; (૧)
નહી ગુરૂ નેડે નહી ગુરૂ દુરા, આપો આપ ભરી રહા ભરપુરા;
વાચ વીના થયા અખંડ અવાજા ત્રણુ ભવનમાં રણુકારસુ ગાજા;
વીના વચને ગુરૂ ગમ જાંના વાપી રહા આસપાસ અનમ ના;
ઠાંમો ઠાંમ ઠરી રહા ઠાંમા, અધવીત રૂપ રમી રહા સાંમા;
અરણી રૂપ જેવા જેતા તેમાં, પટ તંતુમાં દરસા મોમાં તેમં;
લેખરંગ રાગ કછુ નહી હોતા, દેહા અતીત નીતોનાત જોતા;
સાંમીએચર સર્વા અતીત હોઈ, કુરણુદાસકે બાહર ભીતર માંય;

સાખી ૨૯૧

સબ્દ સરૂપી સુરતા, લગી ચોટ અસમાન;
મુળ વચન અમાપ હે, સમજ લગી બીન તાન;

રવેણી પદ ૨૮૭

મીનને મારગ મર્મી જન જાને, ચલા અસમ ને ગુરૂ ગમ સાને;
ઓટ નહી રહા આપ અસમાના, આવન જાવન કછુ નહી જાણા;
હું નહી તુ નહી દોહી, સંઘળ સુતરમાં વાપી રહા સોહી;
નીજ નીરાકાર બ્રહ્મ સરૂપા, રચી રહા ગુરૂ આદ અરૂપા; ૪
સુલા તુલા નહીં કછુ મોહી, આપો આપ ગરૂ આપમાં હોહી
ભરી રહા બ્રહ્મ અપારા, સંઘળે સુતરમાં રમી રહા નારા ૬
સુત્ર એક પટ ભયા પુરા, અનંત કળા ગુરૂ આદ ચોફેરા;
તું હીતનમાં ખેચરસાંમીઓાલે ફુરણાદાસકે બાહરભીતર રહાઅતોલે

સાખી ૨૯૨

મર્મ વચન વર્તાહી રહા, ગાજા ગોર ગંભીર;
દીન ઉગા રીનમાં, ભોર ભયા રણધીર.

રવેણી પદ ૨૮૮

ગુરૂ રચીરહા ચંદન સીતળ છાંયા,બાસ લગી જેને ચીત પરૌયા
કંચન હુઆ ગુરૂ વચનાંની મોહી, આવનજાવન દીસેનહી કોહી;
બ્રહ્મ સરૂપ રહા ગુરૂ જ્ઞાંની, અરસ પરસ જેને સમજ પીછાંની
ગુરૂ સમજમાં રહા સમાહી, વચન વદેહી આપ વર્તાહી. ૪
જેસો ઓાખજીથી ગુડ દેખાયા, એસી સમજ ગુરૂગમ પાયા,
સુરજ ઉગા સમજ ચોધાના, આસ પાસ દીસે અગોચર નારા,
સામી ખેચર બાવન અક્ષરથી બારા, વચન વદેહી વાપી
રહા નારા. (૭)

કહે કુરણાદાસ સીતળ છાંયા, બાહર ભીતર આપ દેખાયા, ૯

સાખી ૨૯૩

ઘોર ગંભીર ગાજીઆ, પ્રગટ પ્રેમ અપાર;
યોગરત રવી ઉગીયા, નીરમળ નીરાકાર;

સાખી ૨૯૪

બાહર ભીતર આતમા, રહા રણુકાર માંહી;
દ્રગમાં દીન ઉગીયા, ભોર ભયા ભ્રમ માંહી.

ભજન પદ ૨૮૯

અધાજ બુધી હોઇરે, અનુભવી આતમા;
સંધળ સરખા વાપી રહા, વર્તમાન જો.
અધાજ, બુધી હોઇરે અનુભવી આતમા (ટેક)
પટ તંતુમાં પુરારે, રોમે રોમે દેખીયા.
દીસે નહી કાંઇ ચંદ્ર સુરજ નહી હોય જો.
ધરણુ અંકાસ આદ નહી ધાંનમાં,
રમી રહા આપો આપ અલંગજો. અધાજ બુધી હોઇરે. ૧
દેહી વીસે નહીરે વદેહી રમી રહા,
સરખા દેખા સોનામાં જણ સાપજો;
વીધ વીધ રચારે મુગ મર્મ જાણીયા;
દ્રગ દીસા પંડ બ્રહ્માંડ નીજ વાપજો. અધાજ બુધી. ૨
હું નહી દેહીરે નહી માયા મુળમાં,

એતો છીન છીન સીધુ ભર્યા અપારજો;
વાચ અવાચ નારારે ભરાભર ભરી રહા,
ખણુ માંહી ખંડીત નહી કહેવાય જો. અધાજ ણુધી, ૩
માત તાત તાર તુ નહી તનમાં,
વીના મુળ બ્રહ્મ ભર્યા અપાર જો;
પટ તંતુમાં પુરારે ભરપુર મળી રહા,
થાવર જંગમાં વાપી રહા વદેહ જો. અધાજ ણુધી. ૪
મુલ્લા તુલા આયારે મુંળમાંથી ખેદીયાં,
વાદળ નહી ચરાચર દીસે ચંદજો;
હુ તુ મારૂ રે મુળનું ખેદીયું,
રહુ નહી હું મારૂ મન અનમાંન જો. અધાજ ણુધી. ૫
અધવીત બ્રહ્મ ભર્યા રે ધવીત નહી ધાંનમાં;
ધવીત અધવીતથી સાંમી બેચર બંબારજો.
મીનનો મેમારે ગુરૂ ગમ ગાંનમાં;
કુરણાદાસ ગાતા નહી કે ગ્નાંન જો. અધાજ ણુધી ૬

સાખી ૨૯૫

મુળ વચન માગુ મર્મનો, દયા કરો દીયાળ;
સમજ બતાવો સાંનમાં, મટે આળ જંજાળ;

ભજન પદ ૨૯૦

મુળ સબ્દથી ઉઠારે રણુકારની ધુનમાં,

સેજે સેજે સુખમાં સીતળ થાય જો;
મુળ સબ્દથી ઉઠારે રણુકારની ધુનમાં. (ટેક)
અગમ દવારે આયારે ઓહંગની દોરીએ,
ઇંગલા પીંગલા એક દોર મીલ જાય જો;
સુખની સેજરે સીતળ સાંના પાંમીયા,
અનંત કુળા આઠુ પહોર વર્તાય જો. મુળ સબદથી. ૧
અનુભવી દેખારે નીરાકરની સેરીએ.
લાગો મારા રૂદીયા કમળમાં સવાદજો,
પુરણ પરકાસી હોઇરે સુખની સેજમાં.
અનભે થયો મુળ દસાની માંયજો, મુળ સબ્દથી ઉઠારે ૨
એકવી હજાર છછરે સવાગ મીલી રહયા માપમાં.
ઓહંગ સોહંગ આઠુ પહોર ટંકારજો.
હરદ ઉરદની માંચેરે બ્રહ્માકાર ભાળીયા;
રોમે રોમે અરૂપ અચંપા થાયજો, મૂળ શબ્દથી ઉઠારે (૩)
બંક નાળની સેરી'મહા રસ વાળીયા.
વીના વાદળીએ અમીની ધારા હોયજો,
અનંદ ઉર લાધોરે માહા રસ માંણીયા.
વચન વદેહી બ્રહ્મ સરૂપ દરસાયજો, મુળ (૪)
સાંમી બેચર મીલારે અરૂપી આતમા.
કોટક ભાંણુ બાહર ભીતર માંયજો,

આઠુ પહોર રહ્યારે ગુરૂના સંગમાં.
કુરણાદાસ અણુસતા ગુણ ગાયજો, મુળ (૫)

સાખી ૨૯૬

સમજ લીયા સાનમાં, વદેહી તણો વચન;
અનંદ ભયા જેના ઉરમાં, પ્રેમ ઉદાસી જન;

ભજન પદ ૨૯૧

વેદ વીના ભેદરે ભરી રહ્યા બ્રહ્મમાં.
દીસે નહી બુધીનું બળ કાંયજો,
વેદવીના ભેદરે ભરી રહ્યા બ્રહ્મમાં (ટેક)
ચાર વાંણી વીનારે ચરાચર ભાળીયા.
પરા પેસંતી નહી જુગ જોવાયજો,
આપો આપ દીસેરે ઠમોઠામ થીરમાં
સંધળ સુતર સરખા રહાછિ અમાપજો, વેદવીના ભેદરે ૧
છીન છીન ભયારે રણુકાર રૂપમાં
સમમાંહુ તુંતો દીસે નહી કછુ કાંયજો,
વેરાટ રૂપ રહારે અરૂપી આતમા.
વીના મુળ આપ રહા અળંગજો, વેદ વીના ભેદરે (૨)
અનુભવી જોયારે વાપી રહ્યા સમમાં.
સંધળ સરખા છેદ વીનાઅછેદજો,
પંડ બ્રહ્મંડ દીસેરે એક મેક ધાંનમાં.

અણુ માત્ર ખાલી નહી જોવાજો. વેદ વીના ભેદરે (૩)
વીધ વીધ નાસરે નીરાકાર જાણીયા.
પરટવીસે વાપી રહ્યા પરકાસજો,
તરૂણીમાં ત્રતરે ભાળા ગુરૂ જ્ઞાંનમાં.
આર'પારા દીપી રહ્યા દેદારજો વેદ વીના ભેદરે (૪)
રેન વીના સસીરે સ'પુરણ ઉગીયા.
બાહર ભીતર ભાળો બ્રહ્માકારજો,
રોમે રોમે ઉચ્ચારે ભરપુર ભરી રહયા.
સ'ઘળા સુતર એકામેક વરતાયજો વેદ વીના ભેદરે (૫)
સુર વણુ સરખા છાંહીરે.
આભુરણુ અ'ગનાં તેનુ' રૂપ તુજમાં વરતાયે
ઘાટ વીના દીસેરે ગુરૂ એમ ગાંનમાં.
શબદાંમાં છાયા ઓમ અરૂપી અપારજો, વેદ વીના (૬)
અસ'ગી દીસેરે ગુરૂ મુજ એકલા.
નહી તોરે વીખ બુદ્ધીકે હાણુજો
આપ અમાપ હોહીરે સાંમી ખેચર છાહી રહ્યા.
કુરણાદાસ મળી રહ્યા મર્મ માંયજો, વેદ વીના ભેદરે (૭)

સાખી ૨૯૭

સુળ સ'ગ મર્મનો, વચન લગો ઉરમાંય;
ખાસ ચડ્યો જેને પ્રેમથી, કહી મુળ નહી જાય;

ભજન પદ ૨૯૨

વીના મુ'ળ રચારે અનુભવી આતમા.
સંઘળે સરખા વાપી રહ્યા વર્તમાનજો,
વીના મુ'ળ રચારે અનુભવી આતમા, (ટેક)
થુળ સરીર નહીરે નહી તીન પાંસમાં.
પચીસ પરકરતી કીયા નહી કહેવાયજો,
વીસવા અભીઆંની નહીરે જાગ્રત નહી નેનમાં.
આપોઆપ જણાઇ રહ્યા સંઘળ છાંયજો, વીના મુળ (૧)
સુક્ષમ શરીર નહીરે નહી સપન સુળમાં.
જ્ઞાનાંન વીધનાંન ગાતા નહી દે ગેઇજો,
હુ પરકાસી પુરણ રહો સબ એકલો.
આરા વીસે વીસેસણ નહી કહેવાયજો, વીના મુળ (૨)
કારણ માયા નહીરે નહી હુતો નેહમાં.
સંઘળે સુતર સરેખો રહો ભરપુરજો,
તીન અવસ્થાનો સાક્ષી ચેતન જાણવો.
આરે વીસે કહ્યુ નહી કહેવાયજો, વીના મુળ (૩)
તુરીયા કહુ'તો દીસે નહી ઉરમાં.
મુળ વીના ભરી રહ્યા છે ભરમંડજો,
થંભ બીના થંભારે સંઘળ સુતર સરખા.
ખર અક્ષર ખર નહી ખણુ વારજો, વીના મુળ (૪)

સર્વો અતીત સાચારે ચરાચર ભરી રહ્યા.
કહેવા લેવામાં આવે નહી કશુ કાંયજો,
અનુભવી હોઇરે સબ જુગ જાણીયા.
દેહ છતાં દીસેછે વદેહજો' વીના મુળ સ્યારે અનુભવી (૫)
ગુરૂ ગમ સાંનારે મુગા મર્મ જાણીયા.
અધવાંત ભાળ્યા બેચરસાંમી અમાપજો,
કુરશુદાસ કહેરે અમલ જેના ઉરમાં.
ગુરૂ મળ જબ સંધળે સરણા સાંહુજો, વીના મુળ (૬)

સાખી ૨૯૮

પ્રભાત ભયા ગુરૂ ગ્નાંનમાં, અનુભવ ઉદે હોય;
ગુરૂ મળે મને સીર ધણી, કળી સકે નહી કોઈ;

સાખી ૨૯૯

સુત્ર યેક પટ વીસે, વાપી રહયા નીરધાર;
સીન સીનમાં સાહી રહ્યા, દરસા નીજ દેદાર;

રાગ કાફી ૨૯૩

કોઈ તતવ સમજ બતાવે તેને વીવેકી સંત કહાવે (ટેક)
મુલ્લા તુલ્લાકી મુમતા મુરીરે, જીવ ઈશ્વર બોર જનાવે;
સાંયા મુજે તતવ સમજ બતાવે, (૧)
પાચ પચીસ કોહડી મુળ થંભાવેરે, બાગનકુ બોર જનાવે સાંયા
ચોદ ઇન્દ્રી ચોકસ મીદાહીરે, તે બસ મુત્ર સમાવે; સાયા

પ્રાણુ ઉપાનની જુકતી જાનીરે, ભાવનકુ ભુલ મીટાવે; સાંયા
સસોપતીમાં સીધા રમીએરે. અનંદ ઉરમાં દેખાવે; સાંયા
સાંમીબેચર ગુરૂ તુરીયા હોઇરે, કુરણુદાસ કુરછ નહી કહાવે;
સાંયા મુજે તતવ સમજ બતાવે.

સાખી ૩૦૦

બશ સબર બરમંડમાં, નીરાકાર ગોસાંહી;
રોમ રોમ રમ રહા, આસ પાસ ઉર માંહ;

રાગ કાફી ૨૪૯

કોઇ છુટી વરમંડની છાંયા મુજે કળા દેખી અનંદની ટેક
બુદ ખરૂને ભયા અચંબારે, પરપોટાકુ હાઉસ પલકા છાંયા ૧
જલમાં મીન ગણુ મસારારે, પારખી આવીને પકડી છાંયા
કોઇ ગુરૂ મીલનકુ રહા અમલમાંરે, સુરતા લગી સમજરી; ૩
સુરતા ઉલટી સંધુ મીલનકુરે, જેની સમજ સેજમાં સમાની;
ગુરૂ બેચરસાંમી વરતા નારારે, અભપદ મી અનંદની છાંયા;
કુરણુદાસકે મુળની સુદીયોરે, સમજ બતાઇ જેને સેજની;

સાખી ૩૦૧

સંત દીરપા મુજ પર કરી, સમજ બતાઇ સાન;
આઠુ પહોર અમી ઝરે, રહા નીરગુણ ધાન;

કાફી ૨૯૫

કોઇ દીયા ગગનપર ડંકા, છાંયા કોઇ સુરા ચડા ગડ વંકા; ટેક

સુખની સેરીએ ચઢી ગગનમાંરે, રોમે રોમે ગુરૂ રંગકા
છાંયા; કોઇ દીયા ગગનપર ઢંકા. (૧)
ઝરમર ઝરમર હીરલા ઝળકેરે, મરોઠ પાયા જેને મરમકા
છાંયા; કોઇ દીયા ગગનપર ઢંકા, (૨)
સંત અમલીયા સેજમાં ચડીયારે, દેદાર દરસા તેને દીન
કા છાંયા. કોઇ દીયા ગગનપર. (૩)
ત્રણ ભવનથી લગરહી તાલીરે મોહ છુટા તનમનકા છાંયા. કો.
દુર નેસાંણે બ્રહ્મસુ ભળીયારે, ચોળા છુટી જા ચેતનકા છાંયા. કો
સામી ખેચરની છાંયામાં સમાંણુારે, કુરણાદાસ ભયા ગુરૂ
ગાનકા છાંયા. કોઇ દીયા. (૬)

સાખી ૩૦૨

ગુરૂ વચનકી સાંનમાં, સીતળ વરસે નુર;
અમીરસ અગમાં ઉલટાં, ભયાં અમરત ભરપુર;

કાફી ૨૯૬

કોઇ સુરા સનમુખ જીલે છાંયા, મુજે મુળ વચનમાં
ખેલે. (ટેક)
સાંમા પુરમાં સનુમુખ ચડીયારે, જેની સાંન સમજમાં મેલ
સાંચા મુજે સુરા સનમુખ જીલે. (૧)
નીરાકારમાં ડંમકી દીધીરે, સુખ સંધુમાં જઇ ઝીલે છાંયા;
જે સુરા સનમુખ જીલે. (૨)

ગુરૂ સમજ જેની સીતળ છાંયારે, ઘટોઘટ ગુરૂ મેસ બોલ્લે
છાંયા મુજે સુરા સનમુખ; (૩)
ઝરે અમીરસ નીરગુણુ ન્યારે, પુરણુ પીયાલા પીલે છાંયા;
મૂજે સુરા સનમુખ, (૪)
બંકનાળની ઉલટી લહેરી, પુરણુ પ્રેમ રસ જોઇલ સાંયા;
મુજે સુરા સનુમુખ, (૫)
કુરણુદાસ કે લગી લહેરોરે, મુળ મર્મના તોલે છાંયા;
મુજે સુરા સનુસુખ. (૬)

શાખી ૩૦૩

બીન મારગ એક ગાંનકો, ચલા વવેકી સંત;
ઓટ અટકાવ માંને નહી, સાંમા પુર વસંત.

કાફી ૨૯૭

કોઇ કરે વચન અસમાંનકા, છાંયા મુજ દોર લગાય ગુરૂ
ગુંમકા. (ટેક)
હરદમ વેગથી સુરતા હાલીરે, દમ દીયા જેને જોરકા છાંયા
મુજે કરે વચન અસમાંનકા, (૧)
સૂરતાં સોહંગકા સંગમ હોઇરે, પટ લીયા જેને પ્રેમકા
છાંયા. મુજે કેર વચન (૨)
એબી ગરજના લગી ગગનમારે, સુરા છુટા મેરા છાંયકા;
છાંયા મુજે કરે વચન અસમાનકા. (૩)

સુળ સબદ લઇ મનવો મારોરે, ગોળા વાળા શુરૂ ગાંનકા;
છાંયા મુજે કરે વચન અસમાનકા. (૪)
જાગીનજોયુ જેને બેચરસાંમી ભાળારે,કુરણાદાસકે એમા વચનકા
છાંયા મુજે કરે વચન અસમાનકા. (૩)

સાખી ૩૦૪

શબ્દ છુટા અસમાનથી, રોમ રોમ ટંકાર;
પંડ બ્રહ્મંડમાં હોઇ રહા, આરંપાર અપાર;

કાફી ૨૯૮

મર્મ જાના જેને ગાંનમાં છાંયા, મુજે પ્રેમ પરોયા-
નીજ ધાનમાં, (ટેક)
નાભી કમળથી નટવા છુટારે, પાર લગાયા અસમાનમા;
છાંયા મુજે પ્રેમ પરોયાં નીજ ધાંનમાં. (૧)
ધુમાં જેસી ધારમાં લાગ.રે, બ્રહ્મ દેખાણા જેને દશમાં;
છાંયા શુજે પ્રેમ પરોયા નીજ ધાંનમાં. (૨)
ઝરમર ઝરમર નીરગુણ ઝરીયારે, પીધા પીયાલા નીજ પુરમાં;
છાંયા મુજે મર્મ જાણા. (૩)
ઓહુંગ આવે સોહુંગ સમાયારે, એકવી હજાર છઠે સંગમાં;
છાંયા મુજે મર્મ જાણા (૪)
ઉગા રવીને તીમર ઉડાયારે, ભયા પરભાત ભજનમાં;
છાંયા મુજે મર્મ જાના. (૫)

સાંમી બેચર મને મુળ બતાયુંરે, કુરણુદાસ રમી રહા અનંદમાં
છાંયા મુજે મર્મ જાના.

સાખી ૩૦૫

ગાંન વેરાગમાં સમાઇ રહા, ઉલટા સંધુ અપાર;
નારાકાર નીજ રૂપમાં, સાંમી બેચર નીરવાણ;

કાફી ૨૯૯

કોઇ અગમ સમજ પ્રધાવુ છાંયા મુજે સુરતા સણદમાં મીલાવુ
સેજ ચડીને જેના સંગમાં લગારે, મેતો શુન અગોચર ગાવુ;
છાંયા મુજે અગસ જોગ કરાવુ. (૧)
પુરણ બ્રહ્મથી લગ રહી તાળીરે, મેંતો એકાસુર મીલજાવું
છાંયા મુજે અગમ જોગ કમાવુ. (૨)
ગ્રહ છુટી જેને ભરપુર ભાળારે, અરસ પરસ દેખલાવું
છાંયા મુજે અગમ જોગ કમાવું. (૩)
હીંદુ મુંસલમાન દોનુ નોતારે, તાં પુરવ દેસ દેખાવું
છાંયા મુંજે અગમ જોગ કમાવું.
વાચ અવાચ વરતા નારારે, નીરાકાર નૂરમાં સમાણુ;
છાંયા મુજે. (૫)
સામી બેચર જેને દિનઅતમાં જાનારે, કુરણુદાસ કે સીસ ન
માવુ છાંયા મૂજે. (૬)

સાખી ૩૦૬

પ્રીત લગી જેને પ્રેમથી નીરગુણ નરખા છાંય;

અરસ પરસ રમ રહા, પંડ ભરમંડકી માંય;

કાફી ૩૦૦

કોઇ માયાના પુરમાં ચડીયા છાંયા જેને અમૂલખ હીરલા ખોયા (ટેક)

ધનના કાજે ધોડવા લાગોરે, કોડી કોડી ધન જોડીયા;
છાંયા કોઇ માયાના પુરમાં ચડીયા. ૧

કરોડપતી જીવ તુતો કેવાંણોરે, સાથે નહી આવે એક કોડીયા છાંયા કોઇ (૨)

સપનાંની માયા તારે હાથ નહી આવેરે, એતો વાવલાં વેણુનેમરીયા છાંયા કોઇ માયાના. (૩)

ભુલવણીમાં ભુલો ફરીગોરે, દુખમાં દાડા ગમાયા, છાંયા. કોઇ માયાના (૪)

સંત સીખાંમણ સવળી માંને રે, તારા જલમના સાંસા ટળીયા. છાંયા મૂજે. (૫)

સાંમી બેચર મારી ભુલ મીટાઇરે, કુરણાદાસ મહા પદ પાયા છાંયા કોઇ માયાના પુરમાં ચડીયા. (૬)

શાખી ૩૦૭

સમજી લે સાંન સંતકી, કરી લે અગમકી બાત
આ અવસર ફરી નહી આવે, મટી જાય તારી જાત.

કાફી ૩૦૭

કોઇ અમુલખ હીરલા હોરે, છાંયા મુજે મુળની મુડીયો;
સંભારે. (ટેક)
સેજે ચડીને કોઇ સમરણ કરીઆરે. અહલકી અદલ ચલાવે
છાંયા મુજે અમુલખ હીરા હોરે; ૧
ઓહંગ સોહંગ કરૂ પેસારારે, લગી લગનકી લારે છાંયા.
કમળકી મુળમાં ઇંદુર રહેવેરે કહી સૂગંદ નહી લેવે, છાં.
અધર આસનપર સુરા ચડીયારે, સેજમાં સુરતા ઝુકાવે છાં
ભમરા કમળમાં કરે ગુંજારારે એતો સીતળ સુગંધી પાવે;છાં.
અચર સાંમી મલી રહ્યા મનસાંરે, કુરણાદાસ ગુન ગાવે.છાંયા

સાખી ૩૦૮

કાં તમારા ગુરૂ આવું, નીરગુણ નીજ રૂપ:
ચરાચરમાં રમી રહ્યા, આપ રહ્યા અરૂપ;

કાફી ૩૦૨

કોઇ સમજ સેજમાંબતાવે છાયા મુંજે અગમચડી ગુનગાવે ટેક
વેપારી થઇને સત ગુરૂ આયારે, એતો ગુરૂ ગમ મુંડાયો બતાવે
સાંયા મુંજે અગમ ચડીને ગુણ ગાવે. (૧)
અમર વચન જેને મુંળનો લીધોરે એતો સેજમાં બોજ કમાવે
સાંયા મુંજે અગમ ચડીને ગુણ ગાવે. (૨)
ઝગમગ જોત અગોચર ઝળકેરે, કોટક રવી કહાવે; સાંયા ૩

મુલ્ક તુલ્કાકી મેં મીટાઇરે, અજબ અચંબા થાવે; છાંયા ૪
તોડા તરફ્ટ નીરગુણ નરખારે, વેરાટ રૂપ વર્તાવે; છાંયા; ૫
બેચરસાંમી મેરા રમી રહા નારારેઃ કુરણાદાસ મર્મ પાવે;
છાંયા મુજે અગમ ચડીને ગુણ ગાવે. (૬)

સાખી ૩૦૯

પેપો પેલાદ મીરાંબાઇ, નુર આખ્યા ભરપુર;
રહા હજુર ગુરૂ તણા, કુરણાદાસ ચકચુર;

કાફી ૩૦૩

કોઈ મનની ઓટ મીટાયા, છાંયાકોઇ બેગમ દેશથી આયા ટેક
મસરીકા સંતો મુલા બનાયારે, સુહોર ગાયકા પાંજરા;
છાંયા મુજે મનની ઓટ મીટાયા. (૧)
બીબાં લઇને જળમાં બોળાંરે, એકામેક મીલાયા; સાયા
કાછના મંદરમાં સવાન આયારે, ભસીભસી જલમ ગમાયા;
મગ્ર બીનમાં જલકુ ઢુંઢેરે, થકી થકી કાહુર કુટાયા છાંયા;
સત ગુરૂ મળીયા ડાગ મીટાયારે, વદેહી દેસમા સમાયા;
સાંમી બેચર સીતળ છાંયારે, કુરણાદાસ વદેહી દેખાયા છાયા

સાખી ૩૧૦

મેં મટી જેને મનની, આપ રહા અરૂપ;
છે સતંતર આતમા, રોમ રોમ સરૂપ;

કાફી ૩૦૪

જેને પંડ ભરમંડ વલોયા છાંયા મુજે અનુભ દેસમાં આંયા ટેક
દધી દુધના જામા જગાયારે, મહી માખણ વર્તાયા;
છાંયા મુજે પંડ ભરમંડ વલોયા. (૧)
જ્ઞાંન ગોળી સુરતા લગાહીરે, મર્મ માંકડી લગાહી; છાંયા.
નીરગુણ નેતરાં ગાંન રવાયોરે, અનુભવંતુપ નીકાલીયા. છાં.
કાષ્ટ શ્રથ તવાયાંરે તતવ તાવણ લગાયા. છાંયા.
તારા તુજમાં તુહી તુહી બોલેરે, જબ અનભવ અસણ
ઠરાયા, છાંયા મુજે પંડ બ્રહ્માંડ (૫)
સાંમી ખેચર સુખ સંધુ ભરીયારે, કુરણાદાસ ઉરમાં સ-
માયા. છાંયા મુજે પંડ ભરમંડ. [૬]

સાખી ૩૧૦

સીજા ચંદર ઉગીયા, અગમ દસાકી માંય;
અજર અમીરસ નુર ઝરે, પ્રેમ સરસ મરણ છાંય.

કાફી ૩૦૫

જેને વચન અગમ અર્થકા, છાંયા મેતો સબદ સુણા ગુરૂ
ગમકા (ટેક)
ઓહંકારથી સોહંગ ઉલટારે, હલમસ્તાંના હરદમકા છાંયા
જેને વચન અગમ અરથકા. (૧)
મરા પારથી પુરણ પ્રગટારે, સરવણુને સલગાયા. છાંયા, ૨

સણદ સેજમાં પેસંતી પોઢરે, રણુકાર રહ્યા સારંગકા; છાં.
હરદ ઉરદ બીચે કરા પેસારારે, ઘાટ લગા સમરણકા છાં,
તુરીયા સાક્ષી સમજ મીલાયારે, વાગ્ર અવાચ્ય અરૂપકા છાં.
સાંમી બેચર ભરપુર ભરીયારે, કુરણાદાસ સરૂપ પ્રાક્ષકા છાં.

સાખી ૩૧૧

સીતળ સુગંધી સાંનમાં, વચન લીયા ઉઠાય;
પારસ મણી ગુરૂ મળા, અરસ પરસ વરતાય.

કાફી ૩૦૬

દોઇ આપે ભયા અમરતકા છાંયા, મુજે સમજ લીયા ગુરૂ ગમકા. (ટેક)
કાષ્ટમાં જેમ અગની લાગીરે, ધુવા સેલી ઉડનકા છાંયા મુ-જે સમજ લીયા ગુરૂ ગમકા, (૧)
અજ્ઞાંન ઉડાં જેની ઠણુપીકુ તોડીરે, અરૂપ સરૂપ અનંદકા છાંયા મુંજે. (૨)
દધીમાંથી તુપ નીકાલાંરે, સમજ લગાયા ગુરૂ ગાનકા સાંયા
સાંમીબેચરની સેજમાં રમીએરે, કુરણાદાસ લગા લગનકા; ચાં

શાખી ૩૧૨

જ્ઞાંન વેરાગમાં ઘોરાઇ રહા, સમરણ સીધ થાય;
પ્રેમ અમલીયા પી ગયા, પંડ ભરમંડ વરતાય;

કાફી ૩૦૭

કોઈ મહા મસ્તાના મગનકા છાયા મુંજે લગા વચન વદેહકા ટેક
બ્રમ દસાના હરીજન લોગીરે, પરકાસ ભયા રવી ભાણુકા;
છાંયા મુજે લગા વચન વદેહકા (૧)
ત્યાગી વેરાગી બ્રાન્તીમાં ભુલારે, જેને જોગ પહેરાછે જંગમકા;
જુનીકળા ઝીણા હરી જન જાણેરે, રંગ લગા મજીઠકા; છાં
સુરા સંતે સમજ મીલાહીરે, પાસ લગા ગુરૂ ગાનકા; છાંયા
સાંમા પુરમાં હરીજન આયારે, મર્મ લગાયા મરોડકા; છાં
કુરણાદાસકે ગુરૂ ગાંની વવેકીરે સાંમી બેચર મીલનકા; છાં

શાખી ૩૧૩

મીલી રહા માપમાં, આપ દેખા અમાપ;
સંધળે સુતર છાય રહા ઠાંય ઠાંમ નીજ થાપ;

કાફી ૩૦૮

જેને શાન્તી આહી સમજકી છાંયા મુજે ચોટ લગી અગમકી ટેક
તરકટ તોડીને ગગનપર ચડીયારે, ધુન લગી નીજ ધાંનકી;
છાંયા સુજે સાંન્તી આહી. (૧)
હરદંમ દોર સુરા ચડીયારે, ચોટ મીલીછે ભજનકી; છાંયામુજે
અધર તખતપર કરા પેસારારે, જોત જલીછે જોગનકી; છાયા
ધુન મંડળની ઉલટી ધારારે, સુરતા પોચીછે પીવનકી; છાંયા
મહા અમરફળ મુળનાં લાગારે, લીધી સમજ અગમકી; છાંયા

સાંમી ખેચર મને પાર પોચાયારે, કુરણુદાસ સમજ સંતન
નહી છાંયા મુજે સાંન્તી. (૬)

સાખી ૩૨૪

સંત સમજકી સેરીએ, કોઈ ચલા સુરા સંગ
મહા મુકતા જે ન હોઈ ગયા, ભાળા બ્રહ્મ અનંત.

કાફી ૩૦૯

જેને સુરતા ચલી અસમાંનમાં, છાંયા કુજે આપ રહા અ-
નંદમાં (ટેક)
તખત ચડીને કોઇ તાર મીલાયારે, આપ ભયા અનંદમાં
છાંયા મુજે સુરતા ચલી અસમાંનમાં. (૧)
ખુટા ગગન ફેલાંણું પાંણીરે ભંણુ ભયા છે ભજનમાં છાંયા.
તરકુટી મેલમાં લગ રહી તાલીરે, એતો રમી રહા રણુકારમાં
છાંયા મુજે (૪)
અવઝી કલાંમતે ઓઇ ધુન લાગીરે, અગોચર ફરૂ મે વ્રનમાં.છાં.
ખેચર સાંમી મેરા સુખના છાયારે, કુરણુદાસ ભયા
ભજંનમાં, છાંયા મુજે. (૬)

શાખી ૩૨૫

અનંદ પરોયા જેને ઉરમાં, લગી લગન એક તાર;
આઠુ પહોર નુર ઝરે, વરસે અમીની ધાર;

કાફી ૩૧૦

પુરણ પીયાલા પાયા પ્રેમસુ, છાંયા મુજે સુરતા ચલી સાંમા
સુરસુ. ૧

અખે મંડળમાંથી ગંગા છુટીરે; પ્રભા છુટો ગુરૂગમસુ છાંયા.
બીના વાદળાએ અમીરસ ઝરીયારે, મગન થયા ગુરૂ ગાંનસુ. છાં.
ગુરૂ સમજ જેને છીનમાં જાનીરે, તાળી લાગી છે સબદસુ
ગુરૂગમ કુંચી ખોલ ગયાં તાળાંરે, માલ જડા મુધા મર્મસુ છ.યા.
નીરાકારમા નટવા ખેલેરે, દોર લગા હરદમસું, સાંયા મુજે.
સાંમીએચરના સંગમાં મળીયારે કુરણાદાસ રમી રહા મીનસું.

સાખી ૩૧૬

શીતળ સંધુ છોળીયા, વરસે અમીરસ નુર;
મહા મુકતાફળ હોઇ રહા, કોટ્ક ઉગા સુર;

કાફી ૩૧૧

જેને મન મેવાસીને મારો સાંયા મુજે લગી અગમની ધારો ટેક
સમજ ગોળા છુટનેકુ લાગારે, ચક્કર ફરેછે ચોધારો; સાંયામુજે
ગેબી બાણ જેને છુટા સમજનારે, કપટ કુડકુ ઘેરો છાંયા ર
સત ગુરૂ મેરા સુરમાં લડીયારે, ચોદસ થયો ટંકારો; છાંય,
ઉગા રવીને મટાં અંધાર.રે, હવે નહી આવે આચો વારો. સ
સામી બેચર મેરા ઉરમાંઆવ્યારે કુરણાદાસકી મટો જનમનો ફેરે

સાખી ૩૧૭

કુડ કપટ જેને કાપીયા, દુર કરાં અજ્ઞાન;
સમજ બીસાહી સાનમાં, ઉલટા બ્રહ્મજ્ઞાન;

કાફી ૩૧૨

કોઇ અગમ કરે પેસારા છાયા મુજે દોર લગા રણુકારા (ટેક)
ઉલટી સુરતા સેરીએ ચાલીરે, સોહંગ ભયા ભણુકાર;છાંયા ૧
ગગન મંડળમાં ધોમ મચાયારે, લગી પ્રેમ નીજ ધારા; સા.
સમદ્ર સોરંગી સત ગુરૂ મળીયારે, રોમે રોમે ભણુકારા; સાયા
થયા અચંબા આતમ જ્ઞાનકારે, પંડ ભરમંડ દરસાના સાયા
વદેહી વચન અનુભવ મુળનોરે, પરાપાર વર્તાણા સાયામુજે (૫)
ચોગરદ ગુરૂ મોહી ભરપુર ભરીયારે કુરણાદાસકી દીપી રહાનારા;
સાયા કોઇ અગમ કરે પેસારા. (૬)

સાખી ૩૧૮

દીપા દેદાર નીજ જ્ઞાંનમાં, અનુભવ ઉલટા અપાર;
સુખ સાગર જેના છોળીયા, રોમ રોમ રણુકાર;

કાફી ૩૧૩

કોઇ આપે ફરેછે દીવાનાછાંયા તેને કદી નહી આવે સાંના ટે
મોહ માયામાં ફરે મસ્તાનારે, એતો નહીરે કાળથી છાંના;
છાયા કોઇ આપે ફરે. (૧)
કસાઇકા ઘેર અજા લપટાણીરે; સીર કાટા છે તેના તનના; છાં
નેકુલ ભોરંગકુ પકડ પછાડારે, અહાર કરા તેના અંગના; છાં

જોજો સંતો જુગની રેનીરે, કાળ તણા અચંબા; છાંયા મુંજે ગુરૂ મળા જેને મોહકુ મારારે, સમજ ગોળા વાગા જ્ઞાંનના; સા સામી બેચર સેજે મુળ બતાયુરે, કુરણાદાસ દમ દીયા ધુનના;

સાખી ૩૧૯

મુળ મંડાણથી ચાલીયા, શબ્દ ભયો ટંકાર;
ત્રણ ભવન જેને તોડીયા, ગયા અસમાનકી પાર;

કાફી ૩૧૪

જેને સેજમાં સમજ બતાયા છાંયા મુંજે પુરબ દસાપર આવ્યા ટેક
મીનનો મારગ સમજ મીલાહીરે, ધુન મંડપમાં ધાયા સાંયા મુંજે પુરબ દસા પર (૧)
ગગન મંડળથી ઘેરા ગરજારે, ઝરમર મેવલા ઝરીયા; સાંયા ૨
પંડ બ્રહ્મંડ જેના સુરમાં રણકારે, અવાજ અગમથી લાગા; સાં
અરસ પરસ ગુરૂ રહા એકીલારે, કોટક રવી વર્તાયા; સાંયા ૪
ઉદક લુણ એક મીલાહીરે, ગુરૂ ગમ સમજ ઉઠાયા; સાંયા(૫)
સીરધણી મને બેચરસાંમો મલીયારે, કુરણાદાસ ગુરૂ ગમ ગાયા, સાં

સાખી ૩૨૦

ગુરૂ સમજકે સરૂપમાં, પંડ બ્રહ્મંડ પરકાસ;
અરસ પરસ હોઇ રહા, ચૌદસ હુઓ ઉજીઆસ;

કાફી ૩૧૫

કોહી પુરવ ચડીને કરે ધાંમા છાયા મુંજે સનમું દરસા સાંમા ટેક
મુળ મંડાણથી સુરતા ચાલીરે, અગમ કરા છે મુકામા

છાંયા મુજે સનમુખ દરસા સાંમા. (૧)

સાવસધીરા મેરા હરીજન ચડીયારે,અતો ગગન ગફામાં રહા ધાંમા

ભમરહસામાં સુરતા લાગીરે, જગમગ જલક સાંમા; છાંયા મુજે

ઓહુંગ આવે સોહુંગ સમાયારે, એકવીસ અઝાર એક ઠાંમા

વદેહી વચન જેને સાંન મીલાહોરે પુરણ ગુરૂ ગમ પાંમાં; સાંમા

સાંમાંબેચર મુજે બ્રહ્મ દેખાયારે, કુરણાદાસ સુખમાં સમાના; સાં

શાખી ૩૨૧

ત્રણ ભુવન જેને તોડીયા, શબદ ચલા અસમાન;

ઓહુંગ સોહુંગ હોઇ રહા, ઘટ ભીતરમાં જ્ઞાન;

સાખી ૩૨૨

પાંખ વીના પંખી ઉડીયાં, ચોગ્રત ચાલ્યાં જાય;

બ્રંડ ભરમંડ જેને વેધીયાં, રહા રણુકાર માંય;

ભજન ૩૧૬

પરારેપારથી સવાગ ઉમટા ગુરૂગમ નારે કુચી લગીસરવણ માંહરે

અરસ પરસ વચન લાગીયાં નાભીનેસરે નાભી સીતળ સંતોકરે

અનંદ ઉલટો મારા અંગમાં સીતળ છાંયારે

વચન વદેહી ગુરૂ છે નારારે અપરંપારારે નીસે નીરખા ચોધારારે

પવનવેગ શબ્દ ચાલીયા નીરગુણ નરખારે

નીરગુણ વર્તા ઘટ માંયરે

વીખરીમાં વચન વર્તાઇ રહા આસે પાસે રે

આસપાસ અપરંપારારે નીત નીરંતર ગુરૂ ભાગીયા નીજ દેદારારે

વચન વદેહી ગુરૂછે નારારે અપરંપારારે નીસે નરખા રે (૨)
સંઘળ ગુરૂ મેરા સાઇ રહા પટમાં પુરારે
પટમાં પુરા કાસારે જીવ ચરીતર જેતું નહી
આપોઆપરે અધવીત બ્રહ્મસંઘળ સાંયારે ચરાચર ગુરૂસાહીરહાં
વદેહી વર્તારે વચન વદેહી ગુરૂ છે નારા. (૩)
બાહર ભીતર ગુરૂ ભાળીયા સાંમી મેરા રે
સાંમી બેચર વર્તાણારે અરસ પરસમાં રમતા પટમાં પુરારે,
કુરણાદાસ સમાંયરે સંઘળ સુતર ગુરૂ સાહી રયા
માંહને બારારે વચન વદેહી ગુરૂ છે નારારે અપરંપારા ૪

સાખી ૩૨૩

ભીન તલે જળ નીરસુ, સાંમાપુરમાં જાય;
બાહર ભીતર રમી ગયા, જેને થીર થાંણું થપાય;

ભજન ૩૧૭

ઓહંગ હરદમ વેગે હાલીયા, સોહંગ સેજ રે;
સોહંગ સબદ રણુકારારે, નીરાકારમાં જોતા જળહળી;
ઉગા ભાંણારે, કોટક રવી પરકાસરે; ચોગ્રત ચેતન ગુરૂ દેખીયા,
નીસે નારારે, નાસે નારા નીરાકારરે, ભાંણુ ઉગા અરૂપ ધુનમાં,
ગુરૂ ગમ નારે વચનાંની વેનતી મેં સુનીરે સાધે
સુની દીસે બાવન બારારે (૧)
ઇગલાને પીંગલા સમાઇ રહી, સુખની સેજેરે.
સુખની સેજમાં અળપાયેરે વર છુટી વ્રત માંનમાં

નીસે નરખારે વચનાંની વાચા મેં સુનીરે
સાધે સુની હીસે નીરગુણુ નારારે
સલીતા સંધુમાં સમાહી ગહી, સુખની સેજેરે
સેજ સમરણુ થાહીરે નીરાકાર નીસાં ભાળીયા આરંપારારે
આરંપારા અવાજરે મુગા અનંદમાં રમી રહા સમજ સૂરારે
વચનાંની વાચા મેં સુનીરે સાંધે સુની. (૩)
નીસાં તખત પર નીરમળા જેને ભાળાહે
રવી રૂપમાં વર્તાયરે, પંડ ભરમંડે પરગટ ભયા
ખેચર સાંમીરે સાંમી રહા સંઘળ સાયરે
કુરણુદાસકે વાપી રહા વદેહી નારારે વચનાંની વીનતી (૪)

શાખી ૩૨૪

સબદ ઉલટા સેરીયે, ચાદસ કરા પેસાર;
ઘટ ભીતરમાં રમી રહા, દરસા નીજ દેદાર;

ભજન ૩૧૮

નાભીરે કમળની નરણા કરી, હરદમ વેગેરે.
હરદમ વેગે ચલા જાયરે ગગન મંડળથી ધારા ચલી
નીરગુણુ વરસારે નીરગુણુ વરસાછે નુરારે
પુરા પુરણ ગુરૂને ભાળીયા અનંદ ઉરમાંરે ગુરૂ ગમ સીધી
મેં સુનીરે સાધે સુની થયા અનંદ અપારારે (૧)
અખંડ ધારા ઉરમાં ઝરીયા પુરણુ વરસારે,
પુરણુ અમીરસ નારારે અખ મંડળ જોતા જળહળી

કોટક ભાંણુરે કોટક રવી પરકાસારે
છરે સર્વતર વાપીં રહ્યા વદેહી જ્ઞાનીરે
ગુરૂ ગમ સીધી મેં સુનીરે સાધે શુણી થયા અનંદ (૨)
ચોગ્રત પરકાસ ચેતન બ્રહ્મ છે આસપાસેરે
અરસ પ્રસ રણુંકારારે પટતંતુમાં વાપી રહ્યા ખણુ ખાલીનહી
ખણુ ખાલી નાહીરે ગુરૂ રહ્યા ઘટ મઠમાં સંગળ સરખારે;
ગુરૂગમ સીધી મેં સુનીરે સાધે દીઘી થયા અનંદ (૩)
સાંમી એચરના પરતાપથી આતમ ચીનારે
આતંમ દેખા ઉરમાંયરે ગુણ કુરણાદાસ ગાઇ ગયા
આઠુ પહોરારે આઠુ પહોર હલમસ્તા
મહ છુટી વરમંડની સીતળ છાંયારે
ગુરૂ ગમ સીધી મેં સુનીરે (૪)

સાખી ૩૨૫

જગમગ જોત જ્ઞાનકી, અગમ રહ્યા પરકાસ;
રોમ રોમ રવી ઉગીયા, થંભા વચનકા અજવાસ;

ભજન ૩૨૯

મુળ કમળકુ બંધન કરી હરદમ હેરારે
હરદમ પકડા છે હાથરે ગગન વેધીને આઘા ચાલીંયા
દીયા હેલારે દીયા હેલા અગમ ધાંમારે
એકવીહજાર હરદમ લાગીયા સોહંગ ધારારે
અજબ અજંપા મેં સુનારે, અવાજ સુના,

થયા અગમ ટકોરારે (૧)

સુરતા સબદ સંગ ચાલીયાં લગી તાળીહે

લગી તાળી તન માંયરે વચન વદેહી ગુરૂ નાળીયા

નીરગુણ વરસારે નીરગુણ ઝરા નીરાકારરે

વીના વાદળીએ નુર ઝરે ધારા છુટીરે

અજબ અજંપા. (૨)

અમર વચનાંમાં હોમાઇ ગયા લાધા હીરારે

લાધા ગુરૂ ગમ જ્ઞાંનરે સૂખના સંધુમાં સીતળ થયાં

બ્રહ્મનુ ભેળારે લુણ મળ્યા ઉદક માંયરે

મગન મસ્તાના હોઈ રહા ઉર માંહારે

અજબ અજંપા. (૩)

પ્રેમ પુરસ પરગટ ભેટીયા સંઘળે છાયારે

સંઘળે બાહર ભીતર માંહીરે સાંમી બેચર વર્તાઇ રહા

આપો આપરે આપો આપ એકામેકરે

કુરણાદાસકે સીતળ સાંનમાં અનુભવ આવ્યારે

અજબ અજંપા. (૪)

સાખી ૩૨૬

ચોટ લગી અસમરી, સુરતા ચડી અંકાસ;

સોહંગ ટકોરા હોઇ રહા, રવી રહા પરકાસ;

સાખી ૩૨૭

ગગન મંડળમાં જોત જલે, અરૂપ સરૂપ અપાર;

અગમ અવાજા હોઇ રહા, નરખંઠ નીજ દેદાર;

ભજન પદ ૩૨૦

હે ગુરૂ જલી જલી જોત અસમાન મેરા ગગના
સુખ સમુદરમાં ભયા મન મગના હોજી
હે ગુરૂ ઉલટી સૂરતા અગમ ઘેર આહી
ઇગલા ને પીગલા દોર મીલાહી હોજી (૧)
હે ગુરૂ સુખમણા સેજમાં લગ રહી તાળી
ભમર ગફામાંથી ગંગાને વાળી હોજી (૨)
હે ગુરૂ સર વીના સુંકતી પીવન લાગી
અગમ જોત અસમાને જાગી હોજી (૩)
હે ગુરૂ આસંક મસ્તાંના અનંદમાં રહીયા
નીરાકારમાં પુરણ રસ પીયા હોજી (૪)
હે ગુરૂ સાંમી ખેચરના ચરણે આવ્યા
કુરણાદ.સ અગમ ગુણ ગાયા હોંજી (૫)

સાખી ૩૨૭

તણુ તખક જેને તોડીયાં, સબદ ચલીયા અસમાન;
ઓહંગ સોહંગ હોઇ રહા, ગઢ ભીંતરમાં જ્ઞાંન;

ભજન પદ ૩૨૧

હેગુરૂ વીના વાદળીએ અમીરસ ઝરીયાં.
સેજે ચડીને જેને સમરણ કરીયાં હોંજી (ટેક)
હેગુરૂ ગગન ગફામાં ઘેરા ઘેરા ગાજે

અખંડ નોબત અગમ ધુન બાજે હોજી
હે ગુરૂ વીના વાદળીએ અમીરસ ઝરીયાં
સીતળ સંધુમાં જેને આસણ કરીયાં હોજી (૧)
હે ગરૂ પરાપારથી પરગટ બોલે, સેજે ચડી મારી સુરતા
ડોલે હોજી; હે ગરૂ વીના (૨)
હે ગરૂ અખંડ અરૂપી ભયા, અગધુતા સુત સખર ગઢ
સતગરૂ સુતા હોજી. હે ગરૂ (૩)
હે ગરૂ મહા મસ્તાંના મગન થઇ રહીયે,
પ્રેમ કરીને મહા રસ પીજે હોજી; હે ગરૂ (૪)
હે ગરૂ સાંમી ખેચર મને સેજમાં મળીયા,
કુરણાદાસકી પુરણ રસ લીયા હોજી. હે ગરૂ વીના (૫)

સાખી ૩૨૮

પાંખ વીના પંખી ઉડીયા, અસમાંન ચલ્લાં જાય;
પંડ ભરમંડ વેધીયાં, રહા રણુકાર માંય;

ભજન પદ ૩૨૨

હે ગરૂ સુંન મંડાંણ સબદ ધુન લાગી,
ચડી અસમાંને અગમ જોત જાગી હોજી; ટેક.
હે ગરૂ સુરતા સવાગણ સેજે ચાલી,
પ્રેમ ગલીમાં સમજ લઇ ડાલી હોજી, હે ગરૂ સુંન ૧
હે ગરૂ પુરણ પીયાલા ગુરૂજીએ પાયા,
ઉલટી ગંગામાં અસનાંન કરી આયા હોજી. હે ગરૂ સુળ ૨

હે ગરૂ સીસ નમાયાં ગુરૂજીને આગે,
મહા અરથને મેતો મેમા માગે હોજી. હે ગરૂ મુળ, (૩)
હે ગરૂ ભયા ભાંગુને થયા તમાસા;
અરસ પરસ જેને રહ્યા અજવાસા હોજી. હે ગરૂ (૪)
હે ગરૂ કુરણાદાસ કે પુરા ગરૂ ભાળા;
સામી બેચર જેને નેણાંમાં નાળા હોજી. હે ગરૂ (૫)

સાખી ૩૨૯

નેન ભર્યાં નીરમલા, જેની કાન્તી નુર કળાય;
સમજ લીયો સેજમાં, અમરત વર્ષા થાય,

ભજન પદ ૩૨૩

હે ગરૂ લાગી ચોટ મુળ મંડાંણા,
ચડા ફોજ અગમ નીસાંણા હોજી, ટેક.
હે ગરૂ ખમીયા ખડક ધીરપ ઢાલો,
ગુરૂ ગમ જમૈયો કમરાંમાં ઘાલો હોજી. હે ગરૂ લાગી ચોટ ૧
હે ગરૂ બરસી બંધુકો, ગુરૂગમ ગોળી,
છુટા સબદ મારા મોહ કોળી હોજી; હે ગરૂ લાગી ૨
હે ગરૂ મહા ભારથના ભાથા ભરીયા,
સોલ સંતોકના સાથે ચડીયા હોજી હે ગરૂ, ૩
હે ગુરૂ મહા મોહના સગરાંમ કરીયા,
કાળ કરોધકા કુટંમ ઉડાયા હોજી. હે ગરૂ (૪)
હે ગરૂ પાંચ પટોલ માંય પુરા મારા;

પચીસ ગરાસીયા ઝટપટ ઘેરા હોજી હે ગરૂ (૫)
હેગુરૂ પંડ બ્રહ્મંડ જેને ઘેરીને લાયા
કુરણાદાસને ખેચર સાંમી મળીયા હોજી (૬)

શાખાં ૩૩૦

મે રહ્યા રૂાપમાં, અરૂપી દેખો અમાપ;
છ સર્વંતર છાહી રહા, ખર અક્ષર નીજ ખાપ;

ભજન પદ ૩૨૪

હે ગરૂ સાંન સગુરી સમતા લીધી ગુરૂ ગમ સમજ
અમલથી પીધી હોજી (ટેક)
હે ગુરૂ સુરત સુરતનાં નીસાંન મેલાયાં
ઇંગલાને પીંગલા એક દોર આવ્યા હોજી
હે ગુરૂ સાંન સગુરી સમતાની સાંચાં, (૧)
મુળ વચનમાં નેસ મેલાયાં હોજી
હેગુરૂ સુન સખર ગઢ આસન કરીયાં
સુખમણા સેજ અમીરસ ઝરીયા હોજી (૨)
હેગુરૂ વંક નાળના મારગ ચડીયા
બ્રહ્મ સત્રાંતમાં ભેળા ભળીયા હોજી હે ગુરૂ (૩)
હેગુરૂ સીર વીના સુરતા પીવન લાગી
અખંડ જોતો અગોચર જાગી હોજી હે ગુરૂ (૪)
હેગુરૂ મીલી રહા મેરા રૂપમાંહી છેચરાચર છાંના નહી (૫)
હેગુરૂ સાંમીખેચર રહા સઘળે સુરા

ક્રુરણાદાસ કે ભયા બ્રહ્મ પુરા   હાંજી હોગુરૂ   (૬)

સાખી ૩૩૧

નીરગુણ નીરાકારહે, આપ ભયા અનંદ;
સંઘળે સરખા સાહી રહ્યા, ભરી રહા ભરમંડ;

ભજન પદ ૩૨૫

હેગુરૂ નીરાકારમાં નહી કોઈ આવ્યા
સંત સધીરા વચનમાં વેધાયા   હોજી   (ટેક)
હેગુરૂ અરૂપ અપારા રહા નીરધારા
અરસ પરસ દીસે ચોકેગ   હોજી   (૧)
હેગુરૂ અગમ દસાથી સબદા સુટા
અનુભવ ઉલટા ગુરૂ ગમ સુટા   હોજી   (૨)
હેગુરૂ નહી તોરે માતા નહી તોરે પીતા
અગમ્ ચરાચર સત ગુરૂ રેતા   હોજી   (૩)
હે ગુરૂ સાંમી બેચર વદેહી વર્તાણા
ક્રુરણદાસ સમજમાં સમાણા   હોજી   (૪)

સાખી ૩૩૨

સમજ લીયા સાંનમાં, આવરણ ગયાં જંમ દુર;
અર્થ અપારા હોઇ રહા, ગુરૂ મીલા ભરપુર;

ભજન પદ ૩૨૬

હે ગરૂ પોચી વધાહી ગુરૂ ગમ લાગી,

સમજ ગલીમાં સુરતા જાગી. હોજી ટેક
હે ગરૂ તણુ ભવન પાર નોબત વાગી,
અગમ દસાપર આવી ગઇ આધી હોજી. ૧
હે ગરૂ પુરવ દીસામાં સાંધા રમીએ,
સુખ સીધુમાં એકીલા ફરીએ હોજી ૨
હે ગરૂ મહા રસ પીતે અનંદ ઉર આવ્યા;
આવન જાવનના ફેરા મટાયા હોજી ૩
હે ગરૂ સુણી વચનમાં ભયા મસ્તાંના,
વવેક વીચાર ગરૂ ગમ સાંના હોજી (૪)
હે ગરૂ વદેહી પુરસ મને સતગરૂ મળીયા;
કુરણાદાસ કે બ્રહ્મંકાર ભાળયા હોજી. (૫)

સાખી ૩૩૨

આવરણ ગયાં ઉરનાં, ગુરૂ મીલા અધાજ;
સીતળ સંતોક હો ગયા વર્તા વાચ અવાજ,

ભજન પદ ૩૨૭

હે ગરૂ બાવન અક્ષરથી બારા દેખાયા,
છે ચરાચર સીતળ છાંયા હોજી ટેક,
હે ગરૂ ત્રણ ગુણથી નારા ખેલ, ઘટોઘટમાં સતગરૂ બોલે હોજી;
હે ગરૂ પંડબ્રહ્મંડ પરાપાર દેખા છે સતંતર સંધળે સરખા હોજી
હે ગરૂ આપોઆપ રહા અપારા,
વદેહી દેખા ગરૂ નીરગુણ નારા હોજી (3)

હે ગરૂ અણુ અસમાંનમાં રહ્યા રણુકારા,
વાચ અવાચ નંરાકાર ધારા હોજી. ૪
હે ગરૂ સાંમી બેચર બાહર ભીતર બોલે
કુરણુદાસ વદેહી અણુતોલે હોજી. ૫

સાખી ૩૩૩

સીતળ સીંધુ ભરી રહ્યા, ગુરૂગમ આપ અતોલ;
સુદસમાં ગંમ હોઇ ગઇ રહ્યા બોલ અબોલ;

ભજન પદ ૩૨૮

હે ગરૂ નહી તોરે રૂપ નહી તોરે રેખા છે સતંતર સતગરૂ
દેખા હોજી ટેક
હે ગરૂ ઓમ અરૂપી ચરાચર રહ્યા,સોહંગ સરૂપી સંઘળ છાયાહોજી
ગુરૂ પટતંતુમાં દીસે નારા અરસ પરસ ભરા ચોફેરા હોજી (૨)
હેગુરૂ દધીમાં તુપદેખા ભીતરમાંઅરણીથી રૂપ રહ્યાઅમલમાંહોજી
હેગુરૂ ભરી રહ્યાછે ભરપુર પુરા ચોદસ ઉગા પ્રગટ ભાળા સુરા હોજી
હે ગુરૂ સદાહી બેચરસાંમી સંઘળે મળીયા કુરણુદાસ કે
લુણ નીરમાં ભળીયા હોજી (૫)

શાખી ૩૩૪

મલી સમજ છીનમાં, કુરણ કરી કીરતાર;
અભેપદ દાન ગુરૂ આપીયાં, થયા અગમ ટંકાર,

ભજન પદ ૩૨૯

હે ગુરૂ વાચ અવાચ નીરાકાર નારા ભરા સંધું દીસે અપારા હોજી

હેગુરૂ ચંદર સંતોકી સીતળ છાંયા ઉલટાઆનંદ અનુભવ પાયા હો
હેગુરૂ વદેહી તણો જોગ અનુભવી જાણ્ ભરા સંધુસેજે સુખ માણે
હેગુરૂ મળી રહા અમાપ અપારા લુણ નીરમાં એકામેક
નારા હોજી (૩)
હેગુરૂ સંગત સુતરમાં સરખા રહા બાહર ભીતર ભરપુર ભરીયા
હેગુરૂ વદેહી પુરસ બેચરસાંમી પુરા કુરણાદાસકે અગમ ઉજા સુરા

સાખી ૩૩૫

રોમ રોમ રવી ઉગીયા, અરસ પરસ અજવાસ;
પ્રભાત ભયા ગુરૂ ગાંનકા, ચોદસ થયો ઉજીયાસ;

ભજન પદ ૩૩૦

હે ગુરૂ થાપ ઉથાપ કછુ નહી થાપે મળી રહા એનો માપ અમાપે
હે ગુરૂ ધરણ અસમાને દીસે નહી માયા
જીગર વીગરએક જામા જગાયા હોજી (૧)
હે ગુરૂ સુળ મંડાણ માયા નહી દીસે કુંળ કર્મકાયા નહી સીસે હે
હેગુરૂ બ્રહ્મા વીસનુ રૂદ્ર નહીરહાસંધળસુતરમાં રણકાર ભરીયાહોજી
હે ગરૂ થાવર જંગમ સેષ્ઠીનાહી આપોઆપ ભયા બ્રહ્મમાંહી હોજી
હે ગરૂ નેજાનંદ બેચરસાંમી મેરા, કુરણાદાસકે બાવનથી બારા

સાખી ૩૩૬

વીધ વીધ રચનાં ગુરૂ તણી. જેમ અરણીમાં રૂપ,
સંધળી સુતર હોઈ રહા, આપ ભયા અરૂપ;

ભજન પદ ૩૩૧

હે ગરૂ દેહ વદેહ દીસેચોફેરા,રમી રહ્યા રણુકાર ભેળા હોજી. ટેક.
હે ગરૂ પંડ બ્રહ્મંડથી પરગટ નારા,બાવન ઉપર રમીરહ્યા બારાહોજી
હે ગરૂ સત સરૂપી સરવંતર રહ્યા તુરીયા,
અતીત ચરાચર ભરીયા હોજી. (૨)
હે ગરૂ સંધળે સુતરમાં સાહેબ મેરા,
બાહુર ભીતર દીસે ચોફેરા હોજી, (૩)
હે ગરૂ ઓમ અજર રહ્યા રણુકારા,
વચન વદેહી ગુરૂ નીરગુણ નારા હોજી. (૪)
હે ગરૂ સાંમી બેચર નેજાનંદ મળા,કુરણાદાસ કે ભયા બ્રહ્મભેળા.૫

સાખી ૩૩૭

સબદ સનેહી સુર ઉગીયા, વીધ વીધ રહ્યા વીસ્તાર;
પટ તંતુમાં પુરણ ભયા, રોમ રોમ રણુકાર.

સાખી ૩૩૮

ડાબર ડીબર રેત હે, સરોદાકી સાંન;
સ્રુ સાંમુ ધારણ ધરે, છ છો મહીના અનમાંન;

સમાપ્ત.

આ પુસ્તક મગાવનારને સૂચના

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

જાલમજી મઘાજી ઠે. અમદાવાદમાં દીલ્લી

દરવાજે લુણસાવાડે.

બારોટ. બખારામ ડુંગરજીને ત્યાંથી મળશે

ઠે. સાબરમતી ઇસ્ટેસન.